### ૨૬મીએ ગુજકેટ લેવામાં આવશે

# ૭ હજાર જેટલા વિદ્યાર્થીઓએ હૉલ ટિકીટ ડાઉનલોડ નથી કરી

## જે વિદ્યાર્થીઓએ વેબસાઈટ પરથી હોલ ટિકિટ ડાઉનલોડ નથી કરી તેમને બોર્ડે એસએમએસ મોકલી જાણ કરી

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૬ એપ્રિલના રોજ લેવાનારી ગુજકેટની હોલ ટિકિટ ૭ હજાર વિદ્યાર્થીઓ લેવાનું જ ભૂલી ગયા છે. ૧૬ એપ્રિલથી બોર્ડની વેબસાઈટ પર હોલ ટિકિટ મૂકી દેવાઈ છે. પરંતુ હજુ ૭ હજાર વિદ્યાર્થીઓએ તેમની હોલ ટિકિટ ડાઉનલોડ કરી નથી. જેથી બોર્ડ દ્વારા આ ઉમેદવારોને એસએમએસ મોકલી જાણ કરી છે. શિક્ષણ બોર્ડ દ્વારા ડિગ્રી એન્જિનિયરિંગ, ડિગ્રી ફાર્મસી તથા ડિપ્લોમા ફાર્મસીમાં પ્રવેશ માટે ગુજેકટ ૨૬ એપ્રિલના રોજ લેવામાં આવશે. ગુજકેટ માટે કુલ ૧૩૪૮૪૬ વિદ્યાર્થી નોંધાયા છે. જેમાં એ ગ્રૂપના ૫૬૯૧૩, બી ગ્રૂપના ૭૭૪૭૮ અને એબી ગ્રૂપના ૪૫૫ વિદ્યાર્થીઓ છે. આ વિદ્યાર્થીઓની હોલ ટિકિટ બોર્ડ દ્વારા ૧૬ એપ્રિલના રોજ વેબસાઈટ પર અપલોડ કરી હતી અને વિદ્યાર્થીઓને વેબસાઈટ પરથી હોલ ટિકિટ ડાઉનલોડ કરવા સૂચના આપી હતી. બોર્ડની સૂચના બાદ અત્યાર સુધી ૧.૨૭ લાખ વિદ્યાર્થીઓએ પોતાની હોલ ટિકિટ ડાઉનલોડ કરી લીધી છે. જોકે, હજુ સાત હજાર વિદ્યાર્થીઓએ પોતાની હોલ ટિકિટ ડાઉનલોડ કરી ન હોવાનું જાણવા મળે છે. ગુજકેટને આડે હવે માંડ બે દિવસનો જ સમય બાકી રહ્યો છે ત્યારે હજુ સાત હજાર વિદ્યાર્થીઓએ હોલ ટિકિટ મેળવી ન હોઈ પરીક્ષામાં તેમને મુશ્કેલી ન પડે તે માટે બોર્ડ દ્વારા ખાસ તકેદારી લીધી છે. જે વિદ્યાર્થીઓએ હજુ સુધી વેબસાઈટ પરથી હોલ ટિકિટ ડાઉનલોડ નથી કરી તેમને બોર્ડે એસએમએસ મોકલી હોલ ટિકિટ મેળવી લેવા માટે જાણ કરી છે.

# ઍન્જનીયરિંગ કૉલેજના અધ્યાપકો સીસીટીવીની નજરમાં

ગાંધીનગર, તા. ૨૪

રાજ્યની જુદી જુદી સરકારી ડિગ્રી અને ડિપ્લોમા એન્જિનિયરિંગ કોલેજોમાં ફરજ બજાવતાં અધ્યાપકો વર્ગખંડમાં નિયમિત હાજરી આપે છે કે નહીં તેની ચકાસણી રાખવા માટે દરેક વર્ગખંડમાં સીસીટીવી ગોઠવવામાં આવ્યા હતા. જે તે સમયે આ મુદ્દે વિવાદ થતાં થોડા સમય માટે આ વ્યવસ્થા સ્થગિત કરવામાં આવી હતી. તાજેતરમાં ફરીવાર સીસીટીવીના આધારે અધ્યાપકોની કામગીરી પર નજર રાખવાનું શરૂ કરાયું છે. મહત્વની વાત એ કે આ પ્રક્રિયા શરૂ થઈ તેના ગણતરીના દિવસોમાં કોલેજોમાં વેકેશન પડી જતાં હાલ ફરીવાર પ્રક્રિયા સ્થગિત થઈ ચુકી છે. પરંતુ આ મુદ્દે અધ્યાપકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

રાજ્યમાં આવેલી સરકારી પોલિટેકનિક, સરકારી ડિગ્રી ઈજનેરી કોલેજોમાં ફરજ બજાવતાં અધ્યાપકો વર્ગખંડમાં વિદ્યાર્થીઓને ભણાવવાની યોગ્ય કામગીરી કરે છે કે નહીં તેના પર નજર રાખવા માટે અંદાજે બે વર્ષ પહેલાં દરેક કોલેજોના દરેક વર્ગમાં સીસીટીવી કેમેરા ગોઠવવામાં આવ્યા હતા. આ કેમેરા ડાયરેક્ટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ સાથે જોડાયેલા રહેતા હતા. જેના કારણે ડાયરેક્ટર ટેકનિકલ એજ્યુકેશનના અધિકારીઓ ગમે ત્યારે ગમે તે કોલેજના સીસીટીવી ફૂટેજ જોઈને કોલેજમાં શું ચાલી રહ્યું છે તેની જાણકારી અને વોચ રાખી શકતા હતા. જે તે સમયે વિભાગના આ નિર્ણય સામે અધ્યાપકોમાં ભારે નારાજગી અને આક્રોશ ઊભા થયા હતા. પરંતુ વિભાગ સામે કોઈ ખુલીને વિરોધ કરવાની હિંમત ન કરતાં વિભાગ દ્વારા ગાંધીનગરમાં બેઠા બેઠા મોનિટરિંગ ચાલુ કરી દેવાયું હતું.

સૂત્રો કહે છે આ પ્રકારના અખતરાના કારણે જે કોલેજોમાં અધ્યાપકો નિયમિત વર્ગમા જતાં ન હોય ને ભણાવવાની કામગીરી કરતાં ન હોય તેવી કોલેજના પ્રિન્સિપાલને નોટિસો પણ આપવામાં આવી હતી. પરંતુ થોડા મહિનાઓ આ કામગીરી ચાલ્યા બાદ અચાનક આ પ્રક્રિયા બંધ કરી દેવામાં આવી હતી. તાજેતરમાં ફરીવાર સીસીટીવી કેમેરા ચાલુ કરીને અધ્યાપકોની વૉચ રાખવાનું શરૂ કરાયું છે. જેના કારણે અધ્યાપકોમાં ફરીવાર નારાજગી ઊભી થઈ છે. મહત્વની વાત એ કે આ સીસીટીવી કેમેરાના કારણે કેટલાક અધ્યાપકો નિયમિત રીતે વર્ગમાં હાજર થઈ જાય છે પરંતુ અભ્યાસ કરાવવાના બદલે માત્ર કેમેરામાં અધ્યાપક ઊભા છે તેવું પ્રસ્થાપિત કરવા માટે જ વર્ગમાં જતાં હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. આમ, ટેકનિકલ શિક્ષણજગતમાં હાલ સીસીટીવી કેમેરાને લઈને અધ્યાપકો અને પ્રિન્સિપાલમાં પણ આક્રોશ જોવા મળી રહ્યો છે.

ટેકનિકલ કોલેજમાં ફરજ બજાવતાં અધ્યાપકો કહે છે સીસીટીવી વૉચના કારણે જે અધ્યાપકો વર્ગખંડમાં જવાનું ટાળતાં હતા. તેઓએ હવે નછૂટકે કલાસમાં જવું પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે. પરંતુ કેટલાક અધ્યાપકો એવા પણ છે કે જે પોતાનું લેક્ચર ન હોય અને વિદ્યાર્થીઓ ફ્રી બેઠા હોય તેવું લાગે તો પણ નૈતિકતા સમજીને ભણાવવા પહોંચી જતાં હતા. જેમને માત્ર વિદ્યાર્થીઓને ભણાવવા સિવાય કોઈ કામ નથી તેવા અધ્યાપકો હવે સીસીટીવી કારણે પોતાના કાર્યભાર સિવાયનું કામ કરતાં અટકી રહ્યા છે. જ્યારે કેટલાક કામચોર પ્રોફેસરો સીસીટીવીના કારણે વર્ગખંડ સુધી પહોંચે છે પણ વિદ્યાર્થીઓને ભણાવવાના બદલે માત્ર ટાઈમપાસ કરીને પરત આવતાં રહે છે. આમ, સીસીટીવીના કારણે દરેક અધ્યાપકની નૈતિક્તા પર શંકા ઊભી થાય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

# જન્મદિને વધામણી



**કીર્તિભાઈ વિઠ્ઠલદાસ સુખડિયા**
વૃંદાવન સ્વીટ્સ, સેક્ટર-૨૨
સહમંત્રી, ગાંધીનગર તાલુકા મીઠાઈ-ફરસાણ એસોસિએશન
ખજાનચી, ગાંધીનગર સુખડિયા સમાજ વિકાસ ટ્રસ્ટ
મો. ૯૨૨૭૪ ૦૦૪૫૬



**ભૌમિક પટેલ**
રાધે રાધે ગૃપ



**તીર્થ શૈલેષભાઈ પટેલ**

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

## આઈપીએલમાં ૨૦૦થી વધુ છગ્ગા ફટકારનાર ધોની પ્રથમ ભારતીય

ગાંધીનગર, તા. ૨૪

મહેન્દ્રસિંહ ધોની ક્રિકેટની દુનિયામાં અશક્યને શક્યમાં પરિવર્તિત કરવા માટે જાણીતો છે, જોકે રવિવારે બેંગલુરુ સામેની મેચમાં ધોની માત્ર એક રનથી ચૂકી ગયો. આમ છતાં ધોનીએ ગઈ કાલે અનેક રેકોર્ડ બનાવવાની સાથે ક્રિકેટ ચાહકોનાં દિલ જીતી લીધાં, કારણ કે અંતિમ ઓવરમાં ચેન્નાઈને જીતવા માટે ૨૬ રનની જરૂર હતી.

ધોનીએ ઉમેશ યાદવની ઓવરમાં શાનદાર બેટિંગ કરતાં ત્રણ છગ્ગા અને એક ચોગ્ગાની મદદથી ૨૪ રન ફટકારી દીધા. ધોની અંતિમ બોલ પર વિનિંગ શોટ લગાવવાથી ચૂકી ગયો. નોનસ્ટ્રાઈકર એન્ડથી રન દોડતી વખતે શાર્દૂલ ઠાકુર રનઆઉટ થઈ ગયો અને આરસીબીએ માત્ર એક રનથી મેચ જીતી લીધી.

આઈપીએલના ઈતિહાસમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાની મામલામાં ધોની ત્રીજા નંબર પર પહોંચી ગયો છે એટલું જ નહીં, ધોની આઈપીએલમાં ૨૦૦થી વધુ છગ્ગા ફટકારનારો પ્રથમ ભારતીય બેટ્સમેન બની ગયો છે. આ લીગમાં સૌથી વધુ છગ્ગા ફટકારનારો ધોનીથી આગળ ફક્ત ક્રિસ ગેલ (૩૨૩) અને ડિવિલિયર્સ (૨૦૪) છે.

# આરટીઈ અંતર્ગત વિદ્યાર્થીની પ્રથમ પ્રવેશયાદી તા. ૬ મેએ જાહેર કરાશે

અમદાવાદ, તા.૨૪

રાજ્યભરમાં ગરીબ અને વંચિત જૂથનાં બાળકોને ખાનગી શાળાઓમાં પ્રવેશ માટેનાં ફોર્મ ભરાવવાની ઓનલાઈન પ્રક્રિયા ૨૫ એપ્રિલે પૂરી થયા બાદ હવે ૬ મેના રોજ પ્રવેશની પ્રથમ યાદી બહાર પડાશે. ખાનગી સ્કૂલોમાં પ્રવેશ માટે અરજી કરનારાં બાળકોની કેટેગરીવાઈઝ સોફ્ટવેર દ્વારા પ્રવેશની યાદી તૈયાર કરી જાહેર કરાશે. જે વિદ્યાર્થીને આરટીઈ અતર્ગત પ્રવેશ મળશે તેને એડમિશન કન્ફર્મ કરાવવું પડશે. જો વિદ્યાર્થીના વાલી એડમિશન કન્ફર્મ નહીં કરાવે તો તે વિદ્યાર્થીનું એડમિશન રદ કરવામાં આવશે.

આરટીઈ એડમિશન માટે હાલમાં ફોર્મ ભરવાની કામગીરી ચાલી રહી છે. તાજેતરમાં એડમિશન ફોર્મ ભરવાની મુદતમાં વધારો કરવામાં આવ્યો છે. ૧૫મી એપ્રિલની આખરી મુદતને વધારીને ૨૫ એપ્રિલ કરવામાં આવી છે. આરટીઈ એડમિશનની પ્રથમ યાદી ૬ મેના રોજ જાહેર થશે. તે યાદીમાં જેટલા વિદ્યાર્થીઓ સમાવિષ્ટ હશે તે વિદ્યાર્થીના વાલીએ જે તે શાળામાં જઈને એડમિશન કન્ફર્મ કરાવવાનું રહેશે, જેણે એડમિશન કન્ફર્મ નહીં કરાવ્યું હોય અને એડમિશન રદ થયું હશે ત્યાર પછી પ્રથમ રાઉન્ડના અંતે વંચિત વિદ્યાર્થીઓને એસએમએસ દ્વારા ખાલી બેઠક અંગે જાણ કરવામાં આવશે.

## કેસર કેરીનો માહોલ જામ્યો ગાંધીનગરમાં આખરે દેખા દાધી

રાજકોટ, તા.૨૪

સોડમ અને સ્વાદ માટે લાજવાબ કેસર કેરીની સિઝન ચાલુ થઈ છે. ગાંધીનગરમાં કેસર કેરીએ દેખા દીધી છે. ગોંડલ માર્કેટયાર્ડમાં ગત તા. ૨૭ માર્ચથી આવક શરૂ થઈ હતી અને અત્યાર સુધી ૨૧૧૪૫ બોકસ આવી ચૂકયા છે. જૂનાગઢ યાર્ડમાં ૧૫ દિવસમાં ૭૯૦૦ બોકસ આવ્યા છે. જ્યારે કેસર કેરીના હેડકવાર્ટર તાલાલા ગીર યાર્ડમાં હજુ હરાજીની તારીખો નક્કી ન થતા કેસર કેરીનું આગમન થયું નથી. સંભવઃ મે માસના પ્રથમ સપ્તાહથી હરાજી ચાલુ થવાની શકયતા છે.

ક્વૉલિટી અને કોન્ટીટીમાં ખૂબજ મુશ્કેલી રહેશે. સામાન્ય રીતે મકરસંક્રાંતે ઠંડી વિદાય લઈ લે છે પણ ઓણ સાલ સંક્રાંત બાદ પણ બે માસ સુધી ઠંડી વધુ લંબાતા કેસરને પ્રતિકૂળ હવામાનનો સામનો કરવો પડ્યો છે જેના કારણે કેરીના પાક અને ઉત્પાદનને ભારે નુકસાન થયું છે.

ગોંડલ યાર્ડના વેપારીના જણાવ્યા મુજબ ગોંડલમાં કેસર કેરીની ૨૭ માર્ચથી આવક ચાલુ થઈ હતી અને પહેલા દિવસે ૭૦૦થી ૧૧૦૦ સુધીના ભાવે બોકસનું વેચાણ થયું હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે.

# પી. જી. મેડિકલની ઓલ ઈન્ડિયા ક્વોટાની ૧૩૧ અને ડિપ્લોમાની ૧૪ બેઠકો પરત

ગાંધીનગર, તા. ૨૪

પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ માટે હાલમાં ચાલતી ઓલ ઈન્ડિયા કવોટાની બીજા રાઉન્ડની પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે. આ કાર્યવાહી પૂર્ણ થયા બાદ આજે ખાલી પડેલી બેઠકો જે તે રાજ્યોને પરત આપી દેવાઈ છે. જેમાં પી.જી.ડિગ્રી મેડિકલમાં ૧૩૧ અને ડિપ્લોમાની ૧૪ મળીને કુલ ૧૪૫ બેઠકો પરત આવી છે. હજુ બાકીની બેઠકો આવતીકાલે પરત આવશે. આમ, ખાલી બેઠકો પરત આવ્યા બાદ પ્રવેશ સમિતિ દ્વારા બીજા રાઉન્ડ માટે ચોઈસ ફિલિંગની પ્રક્રિયા શરૂ કરી દેવાઈ છે. જેના આધારે આગામી તા.૨૫મીએ કોલેજની ફાળવણી કરાશે. પી. જી. મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ માટે પહેલો રાઉન્ડ શરૂ થાય તે પહેલા ઓલ ઈન્ડિયા કવોટામાં ૪૪૭ જેટલી બેઠકો આપવામાં આવી હતી. નિયમ પ્રમાણે ઓલ ઈન્ડિયા કવોટામાં આપેલી બેઠકો પૈકી જે બેઠકો ખાલી પડે તે જે તે રાજયને પરત આપવામાં આવતી હોય છે. હાલમાં ઓલ ઈન્ડિયા કવોટાની બેઠકો માટે બીજો રાઉન્ડ પૂર્ણ કરી દેવાયો છે. જેમાં પી.જી.મેડિકલની ૧૩૧ બેઠકો ખાલી પડી છે. જેની સામે ડિપ્લોમા પી.જી.ની ૧૪ બેઠકો ખાલી પડી છે. આમ, ૪૪૭માંથી ૧૪૫ બેઠકો હાલમાં પરત આવી છે. રાજ્યની બેઠકો માટે પહેલા રાઉન્ડમાં થયેલી પ્રવેશ પ્રક્રિયા બાદ ૩૯૪ બેઠકો ખાલી પડી હતી. જેમાં ૨૩૦ નોન રિપોર્ટિંગ, ૩૩ બેઠકો પર વિદ્યાર્થીઓએ પ્રવેશ રદ કરાવ્યો હતો અને ૧૩૧ ઓલ ઈન્ડિયા કવોટાની પરત આવેલી બેઠકો મળીને કુલ ૩૯૪ બેઠકો ઉપલબ્ધ થઈ છે. આજ રીતે ડિપ્લોમા મેડિકલમાં નોન રિપોર્ટિંગમાં ૯ બેઠકો, એક વિદ્યાર્થીએ પ્રવેશ રદ કરાવ્યો અને ૧૪ બેઠકો ઓલ ઈન્ડિયા કવોટામાંથી પરત આવી આમ, કુલ ૨૪ બેઠકો હાલમાં ઉપલબ્ધ છે. હજુ ડેન્ટલની ઓલ ઈન્ડિયા કવોટાની કેટલીક બેઠકો પરત આવવાની બાકી છે. પ્રવેશ સમિતિ દ્વારા પહેલા રાઉન્ડમાં ખાલી પડેલી અને ઓલ ઈન્ડિયા કવોટામાં પરત આવેલી બેઠકો માટે બીજા રાઉન્ડની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. જે પ્રમાણે તા.૨૨મીથી તા.૨૪મી સુધી વિદ્યાર્થીઓ ચોઈસ ફિલિંગ કરવાની રહેશે. તા.૨૪મીએ સાંજે ૬ વાગે ચોઈસ ડિસ્પ્લે કરાશે. તા.૨૫મીએ સવારે ૧૧ વાગે વિદ્યાર્થીઓએ આપેલી ચોઈસના આધારે કોલેજની ફાળવણી કરી દેવામાં આવશે. ૨૫મીથી ૨૬મી સુધી વિદ્યાર્થીઓ ઓનલાઈન ફીની ચૂકવણી કરવાની રહેશે. તા.૨૫મીથી ૨૭મી સુધીમાં જે તે હેલ્પ સેન્ટર પર રિપોર્ટિંગ કરવાનું રહેશે.

# દુનિયામાં સૌથી ઝડપથી વિકસતું ઑટોમોબાઈલ માર્કેટ : ભારત

## ભારતમાં ઓટોમોબાઈલ પ્રોડક્શન (પેસેન્જર એન્ડ કોમર્શિયલ વેહિકલ) ટોપ ટેન દેશોમાં સૌથી વધુ વધ્યું

ગાંધીનગર, તા. ૨૪

ગઈ સાલ વિહિકલની સંખ્યાની દૃષ્ટિએ દુનિયામાં ભારત સૌથી ઝડપથી વિકસતું ઓટોમોબાઈલ માર્કેટ બન્યું છે. ફ્યુઅલ પ્રાઈલ, ઈન્ટરેસ્ટ રેટ અને ઈન્સ્યોરન્સ કોસ્ટ વધવાથી દેશમાં વિહિકલની ડિમાન્ડ પર અસર પડી હતી તેમ છતાં ઓટોમોબાઈલ પ્રોડક્શનમાં વધારો થયો છે.

વર્ષ ૨૦૧૮માં ગ્લોબલ ઓટોમોબાઈલ પ્રોડક્શન એક દાયકામાં પ્રથમ વાર ૧.૧%ઘટીને ૯,૫૬,૩૪,૫૯૩ વિહિકલનું ઉત્પાદન થયું હતું. ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ઓફ ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરર્સ (ઓઆઈસીએ)ના ડેટા અનુસાર ભારતમાં ઓટોમોબાઈલ પ્રોડક્શન (પેસેન્જર એન્ડ કોમર્શિયલ વિહિકલ) ટોપ ટેન દેશોમાં સૌથી વધુ વધ્યું છે.

આ ગઈ સાલ ૮%ના વધારા સાથે લગભગ ૫૧.૭ લાખ વિહિકલનું ઉત્પાદન થયું છે. બીજા સ્થાને ૫.૨%ના ગ્રોથ સાથે બ્રાઝિલ ૨૮.૭ લાખ યુનિટ સાથે રહ્યું છે. ચીનમાં ઓટોમોબાઈલ પ્રોડક્શન ૪.૨%ઘટીને ૨.૭૮ કરોડ યુનિટ રહ્યું હતું.

ભારતમાં વિહિકલ્સનું પ્રોડક્શન ૨.૮% વધીને ૪૦,૬૪,૭૭૪ યુનિટ અને કોમર્શિયલ વિહિકલનું ૩૪% વધારા સાથે ૧૧,૦૯,૮૭૧ યુનિટ રહ્યું હતું. એવેન્ટમ પાર્ટનર્સના એમડી વી.જી. બાલાકૃષ્ણને જણાવ્યું હતું કે પ્રોડક્શનમાં આ ગ્રોથ પાછળ ખાસ કરીને કોમર્શિયલ વિહિકલના સેલ્સમાં થયેલ વધારો કારણભૂત છે.

મારુતિ સુઝુકી ઈન્ડિયાની હેચબેક કાર અલ્ટો ૨૦૧૮-૧૯માં સૌથી વધુ વેચાણ થયેલ પેસેન્જર કાર રહી હતી. બજારમાં સૌથી વધુ વેચાયલ ૧૦ પેસેન્જર વિહિકલમાંથી સાત મારુતિ સુઝુકીની અને ત્રણ હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયા લિ.ની કાર હતી. ૨૦૧૮-૧૯માં અલ્ટોની ૨,૫૯,૪૦૧ ગાડીઓ વેચાઈ હતી. આમ, તેણે પ્રથમ સ્થાન અકબંધ રાખ્યું હતું.

# ગાંધીજીનો વિનોદ

॥ આઠમો મણકો ॥

### ૧૨ - બીજો મહાત્મા શોધે

જાહેરકાર્ય માટે ફાળો ઉઘરાવવાની કળામાં ભાગ્યે જ કોઈ ગાંધીજીની સરસાઈ કરી શકતું. ફાળો ઉઘરાવવાની પણ તેમની વિશિષ્ટ પદ્ધતિ હતી. પ્રવાસમાં જે સ્ટેશને ગાડી ઊભી રહે ત્યાં લોકોનું ટોળું તેમનાં દર્શન માટે એકઠું થયું જ હોય. તેમની સમક્ષ હાથ લંબાવવાનું તે ચૂકતા નહીં! લોકો તેમના હાથમાં પૈસા મૂકવા માટે પડાપડી કરતા કેટલાક યુવાનોને હસ્તાક્ષર એકઠા કરવાનો શોખ હોય છે તેમને પણ હસ્તાક્ષર માટે પાંચ રૂપિયા ફી આપવી પડતી. સ્ત્રીઓએ દાનમાં આપેલાં ઘરેણાંની પણ હરાજી કરી મોટી રકમ મેળવતા. શ્રીમંતો પાસેથી પણ તેમને મોટી રકમ દાનમાં મળતી. પણ પોતાના સિદ્ધાંતના ભોગે ગાંધીજીએ કોઈ દિવસ દાનનો સ્વીકાર કર્યો નથી. કોઈ કોઈ વાર તો સહેજ નમતું આપે તો લાખ લાખ રૂપિયા દાનમાં મળી જાય એમ હતું, પણ એકેએક શરત સામે ગાંધીજી અચળ રહ્યા હતા.

150 ગાંધીયાત્રા

એક વાર કેટલાક સનાતની હિન્દુ શેઠીયાએ ગાંધીજીને અમુક શરતે દાન આપવાની ઈચ્છા પ્રગટ કરી. ગાંધીજી કંઈક એવું સમજ્યા કે એકાદ રચનાત્મક પ્રવૃત્તિ માટે ખાસ અલાયદી રકમ આપવાની તેમની ઈચ્છા હશે. તેથી તેમણે પૂછ્યું, તમારી શરત શી છે ?

સનાતની : મહાત્માજી, શરત એટલી જ કે એ નાણાંમાંથી મુસ્લિમ કે હરિજન માટે કંઈ વાપરવું નહીં.

ગાંધીજી (હસીને) : તો તો એ દાનનો સ્વીકાર કરે એવા બીજા મહાત્માને તમારે શોધવો પડશે.

ગાંધીજીનો આ વિનોદી જવાબ સાંભળી સનાતનીઓ પણ હસવું ખાળી શક્યા નહીં.

### ૧૩. લાડકા દીકરાઓ

એકવાર સેવાગ્રામમાં ગાંધીજી સમક્ષ ઉપવાસ કરી સત્યાગ્રહ કરવાનું કેટલાક હરિજનોએ નક્કી કર્યું. હરિજન સત્યાગ્રહીઓ ગાંધીજી પાસે આવ્યા અને સત્યાગ્રહ કરવાની પોતાની ઈચ્છા પ્રદર્શિત કરી.

તમારી રહેવાની બધી જ સગવડ હું કરી દઉં છું. તમારી ઈચ્છા હોય તો આ મારી કુટિર ખાલી કરી આપું, ગાંધીજી બોલ્યા.

હરિજનો : ના, ના, એવું અમે ઈચ્છતા નથી.

ગાંધીજી : તો તમને પસંદ પડે તો મકાન લો.

હરિજનોએ બાની કુટિર પસંદ કરી તેથી બાને બોલાવી ગાંધીજીએ કહ્યું કે તમારી કુટિર એમને આપો.

બા : પણ પછી હું ક્યાં રહીશ ?

ગાંધીજી : તમને ક્યાં વધુ જગ્યા જોઈએ છે ? થોડી જગ્યા રહે તેનાથી ચલાવી લેજો. મેં પણ મારી કુટિર ખાલી કરી આપવાની ઈચ્છા એમને જણાવી હતી.

બા (હસીને) : પણ એ તો તમારા લાડકા દીકરાઓ છે.

ગાંધીજી (ખડખડ હસીને) : હા, હા પણ મારા દીકરા તે તમારા પણ ખરાને ? બાએ હસતાં હસતાં જગ્યા કરી આપવાની હા પાડી. પણ ગાંધીજીનાં આ પ્રેમાળ વચનો સાંભળી હરિજન સત્યાગ્રહીઓનો અર્ધો જુસ્સો ઉતરી ગયો હતો.

### ૧૪ - મૂડીપતિને

રાષ્ટ્રના વેપારધંધા અને ઉદ્યોગોમાં અગ્રસ્થાને બિરાજતા મૂડીપતિઓ અનેક વાર ગાંધીજીને મળવા આવતા હતા. તેઓ રાજકારણ, અર્થશાસ્ત્ર વગેરે અનેક વિષયો પર ગાંધીજી સાથે ચર્ચા કરતા. તેમાંના કેટલાકને તો ગાંધીજી સાથે ઘણો જ મીઠો સંબંધ હતો. એવા એક મૂડીપતિ ગાંધીજીને મળવા આવ્યા ત્યારે ગાંધીજી રેંટિયો કાંતતા હતા. કાંતતાં કાંતતાં જ ગાંધીજીએ તેની સાથે વાતો કરી. અંતે પેલા મૂડીપતિએ ગાંધીજીને પૂછ્યું,

બાપુ ! તમે શું પસંદ કરો, મને પોતાને કે મારા ધનને ?

ગાંધીજી : અલબત્ત, તમને જ.

મૂડીપતિ : પણ જો હું મારો વેપારધંધો છોડીને તમારી સાથે આવું તો તમે મને કયું કામ આપો ?

ગાંધીજી (રેંટિયા તરફ આંગળી ચીંધીને) : આ ચરખો જ તો.

'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર

### યુએઈ બીએપીએસ વિમેન્સ વિંગ અને મંદિર લિમિટેડ દ્વારા

# 'મહિલા દિન'ની ઉજવણી જુમૈરાહ પાર્ક, દુબઈ ખાતે કરાઈ






ગાંધીનગર, તા. ૨૪

યુએઈ બીએપીએસ વિમેન્સ વિંગ અને મંદિર લિમિટેડ દ્વારા આયોજિત 'મહિલા દિન'ની ઉજવણી જુમૈરાહ પાર્ક, દુબઈ ખાતે રવિવારે કરવામાં આવી હતી. જે અંતર્ગત વર્તમાન સમયમાં સમાજમાં મહિલાઓની ભૂમિકા અને સિદ્ધિઓ દર્શાવતો અનન્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં યુએઈ ઉપરાંત, ઓમાન, કુવૈત, સાઉદી અરેબિયા, બાહરેન, ભારત, યુએસએ, યુકે સહિતનાં દેશોમાંથી તમામ વયની ૧,૦૦૦થી વધુ મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

ઉલ્લેખનીય છે કે આ સમગ્ર ઉજવણી બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાના આધ્યાત્મિક વડા પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ દ્વારા અબુધાબી ખાતે યુએઈના સૌપ્રથમ શિખરબદ્ધ બીએપીએસ હિંદુ મંદિરની 'ઐતિહાસિક શિલાન્યાસ વિધિ'ના એક દિવસ બાદ આ કાર્યક્રમ સંપન્ન થયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત સૌએ શ્રીલંકામાં થયેલા હુમલાનાં હતભાગીઓ માટે પ્રાર્થના કરી હતી. બીએપીએસના આધ્યાત્મિક વડા મહંતસ્વામી મહારાજ દ્વારા પ્રેરિત અને નિર્દેશિત અને બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા આયોજિત આ ઉત્સવ મહિલાઓ માટે મહત્ત્વની બાબતોનું પ્રતિનિધિત્વ કરે છે અને તેમના પ્રત્યે પ્રતિબદ્ધતા વ્યક્ત કરે છે.

બે કલાક યોજાયેલા આ સમગ્ર કાર્યક્રમનો પ્રારંભ વૈદિક શાંતિ પ્રાર્થના સાથે થયો હતો. આ પ્રસંગે ગુરુ નાનક દરબાર-દુબઈના વાઈસ-ચેરપર્સન બબલ્સ કંધારી, રીમા શેટ્ટી-બિટાર, ધ ફૂડસ્ટર્સના ચીફ એક્ઝિક્યુટિવ ફાલ્ગુની મહેતા સહિત દુબઈ મહિલા જગતની અન્ય જાણીતી પ્રતિભાઓ પણ ઉપસ્થિત હતી.

'વેલ્યુ ઓફ લવ' થીમ પર આધારિત આ કાર્યક્રમમાં જુદાં-જુદાં સમાજ અને આધ્યાત્મિક આસ્થા ધરાવતી મહિલાઓએ આ યાદગાર સંગીતમય અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ખૂબ જ કલાત્મક રીતે આ થીમ રજૂ થઈ હતી. જેમાં વિડીયો પ્રેઝન્ટેશન, સાંસ્કૃતિક નૃત્યો, અર્થસભર ડ્રામા, ખૂબ જ ભવ્ય સાંસ્કૃતિક પરેડ પણ થઈ હતી. જેમાં ભારતનાં જુદાં-જુદાં પ્રદેશોમાંથી ઉપસ્થિત ૧૫૦ મહિલાઓ જોડાઈ હતી. જેમણે પેનલ ડિસ્કશન, વકતવ્યો દ્વારા જાણીતા મહેમાનો દ્વારા પોતાના પ્રેરણાદાયી અનુભવો વ્યકત કર્યા હતા. બબલ્સ કંધારીએ ગેસ્ટ-બુકમાં પોતાનાં વિચારો રજૂ કર્યા હતા કે 'આ ખૂબ જ અદ્ભુત કાર્યક્રમ રહ્યો. જે અત્યંત પ્રેમ, વિનમ્રતા, કરુણાની સાથે દુનિયા માટે સહિષ્ણુતાનું સૌથી ઉત્તમ ઉદાહરણ સ્થાપિત કરે છે.'

આ 'મહિલા દિન' કાર્યક્રમ સાથે સંકળાયેલા એક વરિષ્ઠ કાર્યકર્તાએ જણાવ્યું હતું કે આ કાર્યક્રમમાં ભાગ લીધેલી અને ઉપસ્થિત રહેલી અનેક પ્રેરણાદાયી મહિલાઓ દ્વારા અમને મળેલા વ્યાપક સમર્થન માટે અમે ખૂબ જ આભારી છીએ. અમે આશા રાખીએ છીએ કે આ પ્રકારની ઉજવણી બધા જ વયની મહિલાઓને તેઓની વ્યક્તિગત યાત્રા માટે સશકત બનાવે. વ્યાવસાયિક અને વ્યક્તિગત રીતે તેઓ સતત પોતાના ક્ષેત્રમાં પ્રગતિ કરતાં રહે અને આસ્થા, હિંમત અને પ્રેમ દ્વારા અન્ય લોકોની મદદ કરતાં રહે.